શુક્રવાર, 19 ડિસેમ્બર, 2025 માગશર વદ અમાસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## નેશનલ હેરાલ્ડ કેસ બાદ વડોદરામાં કોંગ્રેસની સત્યમેવ જયતે પદયાત્રા, નેતાઓ અટકાયત થઈ ગઈ

વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે 'સત્યમેવ જયતે' પદયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાનો ઉદ્દેશ્ય નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને કોર્ટ દ્વારા મળેલા ન્યાયને લોકો સુધી પહોંચાડવાનો હતો. કોંગ્રેસના નેતાઓએ ADRના રિપોર્ટનો હવાલો આપી જણાવ્યું હતું કે ૨૦૧૪ પછી ૯૦% થી વધુ કેસો માત્ર વિપક્ષી નેતાઓ પર જ કરવામાં આવ્યા છે, જે સંવૈધાનિક સંસ્થાઓના દુરુપયોગનું પ્રતીક છે. કોંગ્રેસના મતે, ED પાસે કોઈ સચોટ પુરાવા ન હોવાથી કોર્ટે કેસ રદ કર્યો છે, જે સાબિત કરે છે કે સત્ય હંમેશા અજેય રહે છે. આ વિજયના ભાગરૂપે કાશીબા હૉસ્પિટલથી જલારામ મંદિર સુધી વિજય યાત્રાનું આયોજન કરાયું હતું. જોકે, આ યાત્રામાં જોડાયેલા નેતાઓની પોલીસે અટકાયત કરતા માહોલ ગરમાયો હતો. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ, કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા, બાળુ સુર્વે, અમીબેન રાવત અને અલકાબેન પટેલ સહિતના અનેક અગ્રણીઓને પોલીસે અટકાયતમાં લીધા હતા. કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું કે, સરકાર ન્યાયની જીતથી નિરાશ છે, તેથી પોલીસનો ઉપયોગ કરી અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમમાં ૧૯ વોર્ડના પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજરી આપી ધરપકડ વહોરી હતી. આ ઘટનાએ શહેરમાં રાજકીય ચર્ચા જગાવી છે કે ન્યાયિક વિજય બાદ પણ વિપક્ષને પ્રદર્શન કરતા અટકાવવામાં આવી રહ્યા છે.




## રાજકોટ મહાનગરપાલિકા શહેરી વિકાસ ગ્રાન્ટ ₹195 કરોડ

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્યના મહાનગરોની કાયાપલટ કરવા માટે મહત્વની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. અમદાવાદના શેલા સ્થિત ઔડા ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ ₹2800 કરોડના ચેકનું વિતરણ કરાયું હતું. જેમાં રાજકોટ મહાનગરપાલિકાને વિવિધ વિકાસ કામો માટે ₹195 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર સહિતના પદાધિકારીઓએ આ ચેક સ્વીકારી રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. વર્ષ 2025ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, ત્યારે આ ભંડોળનો ઉપયોગ રાજકોટને વધુ સસ્ટેનેબલ અને ફ્યુચર રેડી બનાવવા માટે કરવામાં આવશે. ખાસ કરીને શહેરના આધુનિક રસ્તાઓનું નિર્માણ, પાણી પુરવઠાનું નેટવર્ક મજબૂત કરવું અને ભૂગર્ભ ગટરની સુવિધાઓ વધારવા માટે આ ફંડ નિર્ણાયક સાબિત થશે. મેયરે જણાવ્યું હતું કે, આ માતબર રકમથી રાજકોટના 'લિવિંગ ઈન્ડેક્સ'માં નોંધપાત્ર સુધારો થશે અને જનસુખાકારીના કામોમાં ઝડપ આવશે.



**રાજકોટના વિકાસને મળશે નવી ગતિ; CM ભૂપેન્દ્ર પટેલે મનપાને ₹195 કરોડની ગ્રાન્ટના ચેક એનાયત કર્યા**

## રાજકોટ: PM મોદીના પોસ્ટર પર શાહી ફેંકનાર યુવક ઝડપાયો




રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર પર કાળી શાહી લગાડવાની ઘટનામાં ક્રાઇમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં સફળતા મેળવી છે. શારદાબાગ પાસે નાગરિક પુરવઠા વિભાગના પોસ્ટરમાં પીએમની તસવીર પર શાહી લગાડનાર સદર બજારના અઝીમ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે, તે દેશમાં વધી રહેલી મોંઘવારી અને બેરોજગારીથી નારાજ હોવાથી આ પગલું ભર્યું હતું. આગામી વાઇબ્રન્ટ સમિટ પૂર્વે બનેલી આ ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસે સીસીટીવીના આધારે તપાસ તેજ કરી આરોપીને દબોચી લીધો છે.

## હનુમાન ચાલીસા યુવા કથા રાજકોટ

રાજકોટનું રેસકોર્સ ગ્રાઉન્ડ આગામી ૨૭ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી 'સાળંગપુરધામ' બની જશે. સાળંગપુરધામના હરિપ્રકાશદાસજી સ્વામીના મુખે શ્રોતાઓ હનુમાન ચાલીસાના ગૂઢ રહસ્યોનું રસપાન કરશે. કથાના મુખ્ય સ્ટેજ પર સાળંગપુર હનુમાનજી મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવશે. કથાના પ્રારંભે વિરાણી હાઈસ્કૂલથી ભવ્ય પોથીયાત્રા નીકળશે, જેમાં હાથી, ઘોડા અને આફ્રિકન સીદી ધમાલ ગ્રુપ આકર્ષણ જમાવશે. યુવા પેઢીમાં સંસ્કાર અને દેશભક્તિના સિંચન માટે આયોજિત આ કથામાં રાજકોટની જનતાને પધારવા ભાવભર્યું આમંત્રણ અપાયું છે.

## રાજકોટમાં મેગા ડિમોલિશનની તૈયારી: જંગલેશ્વરમાં 500 નોટિસ




રાજકોટમાં ભૂમાફિયાઓ અને દબાણકારો સામે કલેક્ટર તંત્રએ લાલ આંખ કરી છે. શહેરના ભાવનગર રોડ પર આજી નદીના કાંઠા વિસ્તારમાં આવેલા જંગલેશ્વરમાં અંદાજે 80,000 ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાવવા માટે તંત્રએ કમર કસી છે. અંદાજે 80 કરોડની બજાર કિંમત ધરાવતી આ જમીન પર છેલ્લા 30 વર્ષથી 500 જેટલા ગેરકાયદે મકાનો ખડકાયેલા છે. કલેક્ટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ પૂર્વ વિભાગના મામલતદાર નિલેશ અજમેરા અને મનપાની ટીમોએ આજે જંગલેશ્વર પહોંચી નોટિસો ચીપકાવવાની કામગીરી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો કાફલો પણ તૈનાત રહ્યો હતો. તંત્રની આ કામગીરીનો સ્થાનિકોએ વિરોધ કર્યો હતો, પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવા સુરક્ષા દળોએ કડક વલણ અપનાવ્યું હતું. તંત્ર દ્વારા તમામ 500 આસામીઓને આગામી 29 ડિસેમ્બરના રોજ જરૂરી આધાર-પુરાવા સાથે મામલતદાર કચેરીએ હાજર રહેવા જણાવાયું છે. આ હિયરિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જંગલેશ્વરમાં બુલડોઝર ફેરવી મેગા ડિમોલિશનની આખરી તારીખ નક્કી કરવામાં આવશે. ચંડોળા તળાવ જેવું જ આ ઓપરેશન રાજકોટના ઇતિહાસમાં સૌથી મોટું ગણાઈ રહ્યું છે.

## ગાધકડા ગ્રામ પંચાયત સ્મશાન શેડ ખાતમુહૂર્ત

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે ગ્રામ પંચાયતે લોકસુવિધાને પ્રાધાન્ય આપીને પ્રશંસનીય કાર્ય કર્યું છે. ગામના વિવિધ સમાજોને સમાન સુવિધા આપવાના અભિગમ સાથે તળપદા કોળી સમાજ અને રબારી સમાજના સ્મશાનમાં નવા શેડના નિર્માણ માટે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા અને તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયાના માર્ગદર્શન હેઠળ ગાધકડાના સરપંચ પ્રતિનિધિ જયંતીભાઈ કલાણીયા ગામના વિકાસ માટે સતત કાર્યરત છે. ખાતમુહૂર્ત પ્રસંગે જયંતીભાઈએ જણાવ્યું કે, ચોમાસા કે કાળઝાળ ગરમીમાં અંતિમ સંસ્કાર સમયે પરિવારોને હાલાકી ન ભોગવવી પડે તે માટે પંચાયતે આ નિર્ણય લીધો છે.

આ કાર્યક્રમમાં પંચાયતના સભ્યો, જ્ઞાતિ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બંને સમાજના આગેવાનોએ પંચાયતની આ સંવેદનશીલતા અને સક્રિયતાને બિરદાવી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવાની પંચાયતની આ નેમ ખરા અર્થમાં સાર્થક થઈ રહી છે. ગાધકડા પંચાયતની આ લોકભોગ્ય કામગીરીની સમગ્ર તાલુકામાં ચર્ચા થઈ રહી છે. **રિપોર્ટ: હાર્દિક ચંદારાણા**



## એસ.ટી. બસમાં હવે મોબાઈલ સાયલન્ટ રાખવો પડશે, નવો પરિપત્ર




ગુજરાત એસ.ટી. નિગમે મુસાફરોની સુવિધા માટે નવો પરિપત્ર જાહેર કર્યો છે. હવે એસ.ટી. બસમાં મુસાફરી દરમિયાન મોટા અવાજે મોબાઈલ પર વાત કરવા પર મનાઈ રહેશે. મુસાફરોએ ફરજિયાતપણે ફોન સાયલન્ટ મોડ પર રાખવો પડશે અથવા હેડફોનનો ઉપયોગ કરવો પડશે. અન્ય મુસાફરોને ખલેલ ન પહોંચે અને મુસાફરી શાંતિપૂર્ણ રહે તે માટે નિગમે આ કડક સૂચનાઓ આપી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પીઠડીયા: ધારાસભ્ય જે.વી. કાકડિયાના હસ્તે વિકાસ કામોનું ખાતમુહૂર્ત

અમરેલી/બગસરા: બગસરા તાલુકાના પીઠડીયા ગામે વિકાસના કાર્યોને નવી ગતિ મળી છે. ધારી-બગસરા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડિયાના અવિરત પ્રયાસોથી તાલુકાના છેવાડાના ગામોમાં જનસુખાકારીના કામો તેજ બન્યા છે. આજરોજ પીઠડીયા ગામે 15મા નાણાપંચ અંતર્ગત મંજૂર થયેલા ₹18 લાખના ખર્ચે રોડ અને ભૂગર્ભ ગટરના કામોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

છેવાડાના માનવીની સુખાકારી પ્રથમ: ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ગામડાઓને આત્મનિર્ભર અને સુવિધાયુક્ત બનાવવા કામ કરી રહી છે. પીઠડીયા ગામમાં રોડ-રસ્તા અને ગટરની જે અસુવિધા હતી, તે હવે દૂર થશે. છેવાડાના લોકોને પીવાનું શુદ્ધ પાણી અને પાકા રસ્તા મળે તે દિશામાં આ કામો એક મહત્વનું કદમ છે.

સ્થાનિક નેતૃત્વનો સહયોગ: ગામના વિકાસમાં પૂર્વ સરપંચ અરવિંદભાઈ ચૌહાણ અને સામાજિક કાર્યકર રામભાઈ વાળાની ભૂમિકા મહત્વની રહી છે. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોને ધારાસભ્યએ મંજૂર કરાવીને પીઠડીયાને વિકાસની મુખ્યધારામાં જોડ્યું છે. સામાજિક કાર્યકર રામભાઈ વાળાએ જણાવ્યું કે, આ કામો પૂર્ણ થતાં ગ્રામજનોને આરોગ્ય અને સ્વચ્છતાની બાબતમાં મોટી રાહત મળશે.

જનતામાં આનંદની લહેર: કાર્યક્રમમાં ઉપસ્થિત પીઠડીયાના ગ્રામજનો અને ભાજપના કાર્યકર્તાઓએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ધારાસભ્યએ લોકો સાથે સંવાદ સાધીને અન્ય પડતર પ્રશ્નોના નિરાકરણની પણ ખાતરી આપી હતી. ₹18 લાખના આ પ્રોજેક્ટથી ગામના મુખ્ય મહોલ્લાઓમાં ગટરની સમસ્યા કાયમી ધોરણે ઉકેલાઈ જશે. વિકાસની આ વણઝારથી પીઠડીયા ગામ એક આદર્શ ગામ તરફ આગળ વધશે તેવું સ્થાનિકોએ જણાવ્યું હતું.

**રિપોર્ટ : સરફરાઝ ખોખર, અમરેલી**




**બગસરાના પીઠડીયા ગામે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ ₹18 લાખના ખર્ચે બનનાર રોડ અને ગટરના કામોનું ખાતમુહૂર્ત કરી સુવિધા વધારી.**

## મોમાંઈધામ ગાધકડા ભાગવત સપ્તાહ મહેશ કસવાલા



સાવરકુંડલાના ગાધકડા સ્થિત મોમાંઈધામ આશ્રમમાં આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ હાજરી આપી હતી. તેમણે પૂજ્ય કનીરામ બાપુ અને શંભુગીરી બાપુના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. **રિપોર્ટ: હાર્દિક ચંદારાણા**

## મહીસાગર: આજણવા ગામે મહિલા જાગૃતિ સેમિનાર યોજાયો

મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજનાને સાર્થક કરવાના હેતુથી ગોધરા તાલુકાના આજણવા ગામે એક પ્રેરણારૂપ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને તેમના હકો અને સુરક્ષા પ્રત્યે જાગૃત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ સરકાર દ્વારા ચલાવવામાં આવતી મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાઓની વિગતો આપી હતી. સાથોસાથ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ બાળ લગ્ન જેવી સામાજિક બદીઓને રોકવા માટે 'બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ'ની વિવિધ જોગવાઈઓ અંગે કાનૂની માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્પીપાના ટ્રેનરે જાતિગત સમાનતા અને સામાજિક વિકાસમાં સ્ત્રીઓના ફાળા અંગે વિશેષ સમજ આપી હતી.

આ અવસરે મહિલાઓને માહિતીલક્ષી IEC સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું જેથી તેઓ ભવિષ્યમાં આ યોજનાઓનો લાભ લઈ શકે. સેમિનારમાં પ્રોટેક્શન ઓફિસર, જેન્ડર સ્પેશિયાલિસ્ટ અને ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડિનેટર સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. આજણવા ગામની મહિલાઓએ આ સેમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ સરકારી યોજનાઓની જાણકારી મેળવી હતી.




**ગુજરાતમાં 'ગોગો પેપર' પર પ્રતિબંધ. સુરત, વડોદરા અને જૂનાગઢમાં પાન પાર્લરો પર કાર્યવાહી શરૂ.**

## મહીસાગર ટ્રાફિક નિયમ લાઇસન્સ સસ્પેન્ડ

મહીસાગર જિલ્લામાં માર્ગ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે જિલ્લા પોલીસ અને રોડ સેફ્ટી કમિટી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૨૫ના આંકડા મુજબ, ટ્રાફિકના નિયમોને ઘોળીને પી જનારા વાહનચાલકો સામે તંત્રએ લાલ આંખ કરી છે. તપાસ દરમિયાન મુખ્યત્વે 'ડ્રિન્ક એન્ડ ડ્રાઇવ' એટલે કે નશાની હાલતમાં વાહન ચલાવવાના કિસ્સાઓ તેમજ ટ્રાફિકના અન્ય ગંભીર ઉલ્લંઘનો સામે આવતા કુલ ૧૦૩ ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વહીવટીતંત્રએ વધુ કડક વલણ અપનાવતા એક કિસ્સામાં લાઇસન્સ કાયમી ધોરણે રદ પણ કર્યું છે જે વાહનચાલકો પાસે અન્ય રાજ્યોના લાઇસન્સ હતા, તેમના વિરુદ્ધ પણ પગલાં લેવા સંબંધિત ઓથોરિટીને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય રસ્તા પર નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકતા તત્વોને રોકવાનો છે. પોલીસ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવશે. વાહનચાલકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ હેલ્મેટ, સીટબેલ્ટ અને સ્પીડ લિમિટ જેવા પાયાના નિયમોનું પાલન કરે. માર્ગ સલામતી એ માત્ર દંડનો વિષય નથી. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




## બાલાસિનોર: લાયન્સ ક્લબ દ્વારા 100 બાળકોને સ્વેટર વિતરણ

બાલાસિનોર તાલુકાના ગજાપગીના મુવાડા ખાતે આવેલી પ્રાથમિક શાળામાં સેવાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. શિયાળાની વધતી જતી ઠંડીને ધ્યાનમાં રાખીને લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્ય અને રક્ષણ માટે સ્વેટર વિતરણનો સુંદર કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. ક્લબ દ્વારા શાળાના 100 વિદ્યાર્થીઓને ગરમ કપડાં ભેટ આપવામાં આવ્યા હતા.

આ સેવાકીય પ્રવૃત્તિમાં વધુ એક સુગંધ ભળી જ્યારે લાયન્સ ક્લબના સભ્ય યુસુફભાઈ ચોકસીએ પોતાના જન્મદિવસ નિમિત્તે 100 બાળકોને ચીકીના પેકેટ વહેંચ્યા હતા. ઠંડીના દિવસોમાં પૌષ્ટિક આહાર અને ગરમ કપડાં મળતા બાળકોમાં ભારે આનંદ જોવા મળ્યો હતો.

કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક, મંત્રી પ્રવિણભાઈ સેવક, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જીતેન્દ્રભાઈ શુક્લ અને સી.આર.સી. રાજેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. મહાનુભાવોએ જણાવ્યું હતું કે, અંતરિયાળ વિસ્તારના બાળકોને પૂરતા સાધનો મળી રહે તે દિશામાં આ એક નાનું પરંતુ મહત્વનું કદમ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો અને લાયન્સ ક્લબના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## કુવાડવા રોડ પર મોડીરાત્રી વાહન ચેકિંગમાં દંડ કાર્યવાહી

રાજકોટના કુવાડવા રોડ હાઇવે પર ગઈકાલે મોડીરાત્રી રૂટીન વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન ટ્રાફિક નિયમોનો ભંગ કરતા અનેક વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી. ચેકિંગ દરમિયાન એલઇડી લાઇટ, રેડિયમ રિફ્લેક્ટર, આરયુપીડી અને એસયુપીડી જેવા નિયમવિરોધી સાધનો ધરાવતા વાહનો સામે કુલ 39 કેસ નોંધાયા. આ કાર્યવાહીથી રૂ. 1.30 લાખ જેટલો દંડ વસૂલાયો હતો. નિયમોનું પાલન ન થવાથી માર્ગ સલામતીને જોખમ ઊભું થતું હોવાથી આવા ચેકિંગ દ્વારા વાહનચાલકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જણાયું છે.

## શહેરમાં સ્ત્રી અત્યાચારના બે ગંભીર બનાવ સામે આવ્યા

જે.પી. રોડ વિસ્તારમાં એક મહિલાને પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાનો બનાવ સામે આવ્યો છે. વિવાદ દરમિયાન મુક્કો મારતા મહિલાની નાકમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ ગોરવા વિસ્તારમાં દહેજની માંગને લઈને એક મહિલાને લાંબા સમયથી શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. રૂ. ૧૦ લાખની માંગને કારણે બનેલા આ બનાવોએ સ્ત્રી સુરક્ષા અને ઘરેલુ હિંસા સામે સમાજમાં ચિંતા ઊભી કરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## મહીસાગર: LCBએ મોબાઈલ ચોરીના બે ગુના ઉકેલ્યા, બે ઝડપાયા




મહીસાગર એલ.સી.બી.એ બાલાસિનોર અને સંતરામપુરમાં થયેલી મોબાઈલ ચોરીના બે વણઉકેલાયા ગુનાઓ ઉકેલી નાખ્યા છે. ટેકનિકલ તપાસ દ્વારા દાહોદ અને બાલાસિનોરના બે શખ્સોને મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લુણાવાડા સશક્ત નારી મેળો મહીસાગર

લુણાવાડાના આઝાદ મેદાનમાં મહિલાઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે 'સશક્ત નારી મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જિલ્લા પ્રભારી મંત્રી પી.સી. બરંડાના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળામાં મિશન મંગલમ યોજના અંતર્ગત મહિલાઓને આત્મનિર્ભર બનાવવા ₹17.50 લાખની કેશ ક્રેડિટ સહાયનું વિતરણ કરાયું. મેળામાં 64 સ્ટોલ્સ દ્વારા હસ્તકલા અને સ્વદેશી ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ બહેનો સાથે સંવાદ કરી તેમના કૌશલ્યને બિરદાવ્યું હતું. આ મેળો નારી સશક્તિકરણની દિશામાં મહત્વનું કદમ સાબિત થયો છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## બાલાસિનોર નશાખોરી વિરોધી ઝુંબેશ

લુણાવાડાના આઝાદ મેદાનમાં મહિલાઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે 'સશક્ત નારી મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જિલ્લા પ્રભારી મંત્રી પી.સી. બરંડાના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળામાં મિશન મંગલમ યોજના અંતર્ગત મહિલાઓને આત્મનિર્ભર બનાવવા ₹17.50 લાખની કેશ ક્રેડિટ સહાયનું વિતરણ કરાયું. મેળામાં 64 સ્ટોલ્સ દ્વારા હસ્તકલા અને સ્વદેશી ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ બહેનો સાથે સંવાદ કરી તેમના કૌશલ્યને બિરદાવ્યું હતું. આ મેળો નારી સશક્તિકરણની દિશામાં મહત્વનું કદમ સાબિત થયો છે.



## મહીસાગર: કીડીયા PHCમાં એક્સપાયરી દવાઓ ઝડપાઈ, CHO બરતરફ

મહીસાગર જિલ્લાના કીડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી લાલ આંખે આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચાવી દીધો છે. જિલ્લા કલેક્ટરે કીડીયા કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી ત્યારે દર્દીઓને આપવામાં આવતી દવાઓના સ્ટોકમાં ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અનેક દવાઓની મુદત પૂર્ણ થઈ હોવા છતાં તેને સ્ટોકમાં રાખવામાં આવી હતી.

આવી સંવેદનશીલ જગ્યાએ એક્સપાયરી દવાઓ મળવી એ સીધેસીધું જનતાના જીવ સાથે જોખમ ગણાય. આ ગંભીર લાપરવાહીને પગલે કલેક્ટરે કીડીયા આરોગ્ય કેન્દ્રના કમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) શ્રીમતી ધાત્રીબેન પટેલ વિરુદ્ધ આકરાં પગલાં લીધાં છે. તેમની સેવાઓ તાત્કાલિક અસરથી સમાપ્ત કરી દેવામાં આવી છે.

કલેક્ટરે સ્પષ્ટ સૂચના આપી છે કે સરકારી હોસ્પિટલોમાં આવતા ગરીબ અને સામાન્ય દર્દીઓના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવાશે નહીં. આ કાર્યવાહી બાદ હવે જિલ્લાના અન્ય તમામ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પણ દવાનો સ્ટોક અને અન્ય વ્યવસ્થાઓની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. વહીવટીતંત્રનો આ આદેશ અન્ય કર્મચારીઓ માટે કડક બોધપાઠ સમાન છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## લુણાવાડા: પ્રતિબંધિત ગો-ગો સ્મોકિંગ કોન સાથે વેપારી ઝડપાયો

મહીસાગર જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા નશાના વેપાર સામે લાલ આંખ કરવામાં આવી છે. લુણાવાડા ટાઉનના આંબેડકર ચોક જેવા મુખ્ય વિસ્તારમાં પ્રતિબંધિત મટીરીયલનું વેચાણ કરી યુવાધનને નશાના માર્ગે વાળતા તત્વો પર પોલીસે પ્રહાર કર્યો છે.

એલ.સી.બી.ની ટીમે આયોજનબદ્ધ રીતે લુણાવાડામાં દરોડો પાડીને આફ્રીદી મોહમદ હનિફ અબ્બાસી નામના સ્થાનિક વેપારીને દબોચી લીધો છે. પોલીસ તપાસમાં વેપારી પાસેથી નશા માટે વપરાતા પ્રતિબંધિત ગો-ગો સ્મોકિંગ કોન, 118 નંગ રોલિંગ પેપર અને ફિલ્ટર મળી આવ્યા છે. જોકે મુદ્દામાલની કિંમત આશરે ₹1,200 જેટલી છે, પરંતુ આ પ્રકારની પ્રતિબંધિત સામગ્રીનું વેચાણ રોકવા માટે પોલીસની આ કાર્યવાહી ખૂબ જ મહત્વની માનવામાં આવે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, યુવા પેઢીને નશાની લતથી બચાવવા માટે આવા નાના-મોટા તમામ વેપારીઓ પર નજર રાખવામાં આવી રહી છે. પકડાયેલા શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને પૂછપરછ કરવામાં આવી રહી છે કે આ પ્રતિબંધિત મટીરીયલનો જથ્થો તે ક્યાંથી લાવતો હતો. આગામી દિવસોમાં પણ લુણાવાડા અને આસપાસના વિસ્તારોમાં નશા વિરોધી અભિયાન તેજ કરવામાં આવશે.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરામાં અકસ્માત, ઉઘરાણી અને ત્રાસના બનાવ

વડોદરા શહેરમાં ત્રણ અલગ અલગ ગંભીર ઘટનાઓ સામે આવી છે. છાણી વિસ્તારમાં રહેતા 18 વર્ષીય યુવકનું નેશનલ હાઇવે પર થયેલા અકસ્માતમાં મોત થયું, જ્યારે તેની સાથે રહેલી યુવતી ગંભીર રીતે ઘાયલ છે. બીજી તરફ, કોરોના કાળની લોનને લઈ વ્યાજખોરી, બળજબરીથી ઉઘરાણી અને ધમકીઓનો એક ગંભીર મામલો સામે આવ્યો છે. આ ઉપરાંત, શહેરની એક યુવતીએ છૂટાછેડા બાદ પણ પૂર્વ પતિ દ્વારા પીછો, ધમકી અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો છે.

## વડોદરામાં ઇ-રીક્ષા ચાર્જિંગ મુદ્દે પાલિકા પર પ્રશ્નો

વડોદરા શહેરમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરવા શરૂ કરાયેલી ઇ-રીક્ષાઓની ચાર્જિંગ વ્યવસ્થા વિવાદમાં આવી છે. ઇજારદારોએ પોતાની ચાર્જિંગ સુવિધા ઉભી કર્યા વિના કામગીરી શરૂ કરતાં રીક્ષાઓનું ચાર્જિંગ પાલિકાની વોર્ડ ઓફિસોમાં થઈ રહ્યું છે. પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં ચાલી રહેલી અનેક ઇ-રીક્ષાઓ માટે વીજબીલ પાલિકા ભરે છે, જ્યારે ઇજારદારો આવક મેળવી રહ્યા છે. આ મુદ્દે ચર્ચા તેજ બનતા સ્થાયી સમિતિ અધ્યક્ષે ઇજારદાર પાસેથી ચાર્જિંગનો ખર્ચ વસુલવા અને ખાનગી ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવા સૂચના આપી છે.

## સમા વિસ્તારમાં દાઝી જતાં ચાર વર્ષની બાળકીનું કરુણ અવસાન

વડોદરા શહેરના સમા વિસ્તારમાં રહેતી ચાર વર્ષની બાળકીનું દાઝી જવાથી સારવાર દરમિયાન કરુણ મોત થયું છે. પંચમહાલના બાકરોલના મૂળ વતની અને હાલ નવી નગરી વિસ્તારમાં રહેતા ઈશ્વરભાઈ બારીયાની દીકરી રિદ્ધિ 13 નવેમ્બરે ઘરે રમતી હતી. આ દરમિયાન ચૂલા પાસે મૂકાયેલા લાકડા પર અચાનક પગ પડતાં લાકડું ઉછળી ગયું અને ગરમ પાણી ભરેલું વાસણ પલટી પડતાં બાળકી ગંભીર રીતે દાઝી ગઈ હતી. તેને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. શરૂઆતમાં સ્થિતિમાં થોડો સુધારો દેખાયો, પરંતુ ગંભીર દાઝના કારણે અંતે ICUમાં સારવાર દરમિયાન તેનું અવસાન થયું. એકની એક દીકરી ગુમાવતા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આ ઘટના નાના બાળકો પ્રત્યે સતત સાવચેતી રાખવાની કડક ચેતવણીરૂપ બની છે.

## વડોદરા ગ્રામ્યમાં જુગાર સામે કાર્યવાહી, અનેક ઝડપાયા

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં જુગાર સંબંધિત પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી સામે આવી છે. ભણીયારા ગામમાં પત્તાનો જુગાર રમતા છ વ્યક્તિઓ પકડાયા હતા, જ્યાંથી રોકડ અને મોબાઈલ સહિત અંદાજે રૂ. 30 હજારનો મુદ્દામાલ મળ્યો. પાદરા વિસ્તારમાં એક વ્યક્તિને વરલી મટકાનો જુગાર ચલાવતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ડભોઈ તાલુકામાં બે અલગ અલગ બનાવોમાં પત્તાનો જુગાર અને વરલી મટકાની પ્રવૃત્તિઓ સામે આવી છે. સતત આવી ઘટનાઓથી ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે જુગારની સમસ્યા ચર્ચામાં આવી છે.

## વડોદરા ગ્રામ્યમાં અકસ્માત અને અચાનક મૃત્યુના બે બનાવ

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં બે અલગ અલગ દુઃખદ ઘટનાઓ સામે આવી છે. ડેસર વિસ્તારમાં હિટ એન્ડ રન અકસ્માતમાં 85 વર્ષીય દિલાવરસિંહ રાઉલજીને અજાણ્યા વાહનની ટક્કરથી ગંભીર ઇજાઓ પહોંચી હતી, બાદમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. બીજી તરફ, વડુ વિસ્તારમાં 20 વર્ષીય કરણ ઉર્ફે ગોકરણ નિષાદનું અચાનક હાર્ટ એટેકથી અવસાન થયું છે. યુવાનની અચાનક મોતથી પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી છે. આ બંને ઘટનાઓએ માર્ગ સલામતી અને આરોગ્ય જાગૃતિ અંગે ફરી વિચાર કરાવ્યા છે.

## શાહીબાગ ચોરીનો ભેદ ઉકેલાયો: ક્રાઇમ બ્રાન્ચે આરોપીને ઝડપ્યો



અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શાહીબાગ વિસ્તારમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી કુબેરનગરના વિલીયમ ઉર્ફે સાઇ સુભાષભાઈ જાડેજાની ધરપકડ કરી છે. બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં આરોપી પાસેથી ₹45,000ની રોકડ રકમ કબજે કરવામાં આવી છે. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે, જે અગાઉ અંબાજી અને ગાયકવાડ હવેલી પોલીસ મથકે ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને આગળની તપાસ માટે શાહીબાગ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## સુરત: કીમ PI અને વકીલ ₹3 લાખની લાંચ લેતા ACBના સકંજામાં

સુરત જિલ્લામાં કાયદાના રક્ષકો જ લાંચના કેસમાં ફસાયા હોવાની ઘટના સામે આવી છે. કીમ પોલીસ મથકના પી.આઈ. પી.એચ. જાડેજા અને તેમની સાથે એક વકીલને અમદાવાદ એસીબીએ ૩ લાખની લાંચ લેતા રંગેહાથ દબોચી લીધા છે. આ કાર્યવાહીથી સુરત પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો અનુસાર, કીમ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ મામલે આરોપીઓ વિરુદ્ધ કડક કલમો ન ઉમેરવા માટે પી.આઈ. જાડેજાએ લાંચનો આંકડો નક્કી કર્યો હતો. આ વહીવટમાં વકીલ મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી રહ્યો હતો. ફરિયાદીએ આ બાબતે અમદાવાદ એસીબીમાં જાણ કરતા એસીબીએ આયોજનબદ્ધ રીતે છટકું ગોઠવ્યું હતું. સુરતમાં નક્કી કરેલા સ્થળે જ્યારે લાંચની આપ-લે થઈ રહી હતી, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને ૩ લાખની રોકડ




સાથે પી.આઈ. અને વકીલને પકડી પાડ્યા હતા.

અમદાવાદ એસીબીની આ સફળ કાર્યવાહીને પગલે ભ્રષ્ટાચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે લાંચની રકમ જપ્ત કરી આરોપીઓની ધરપકડ કરી છે. આગામી દિવસોમાં એસીબી આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરશે કે આ અગાઉ પણ પી.આઈ. દ્વારા કેટલા વહીવટો કરવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની દિશામાં આ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

## અમદાવાદ: રિક્ષામાં મુસાફરોના ખિસ્સા કાતરતો આરોપી ઝડપાયો

અમદાવાદ શહેરમાં રિક્ષામાં મુસાફરી કરતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમે રિક્ષામાં પેસેન્જરની નજર ચૂકવીને ચોરી કરતા બિલાલ અહેમદ ઉર્ફે અરબાઝ શેખ નામના શખ્સને ઝડપી લીધો છે. ઘટનાની વિગતો મુજબ, ગત 6 ડિસેમ્બરના રોજ ઉમેશકુમાર ચૌહાણ નામના મુસાફર ગાયકવાડ હવેલી વિસ્તારમાં રિક્ષામાં બેઠા હતા, ત્યારે આરોપીએ તેમની નજર ચૂકવી ખિસ્સામાંથી ₹12,000 સેરવી લીધા હતા. ક્રાઇમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન વટવા-નારોલ રોડ પરથી બિલાલની અટકાયત કરી હતી, જેની પાસેથી ₹10,000ની રોકડ મળી આવી છે. આરોપીનો ગુનાહિત ઇતિહાસ જોતા જણાય છે કે તે કાયદાથી ડરતો નથી. બિલાલ અગાઉ કાલુપુર પોલીસ મથકે ચોરીના ગુનામાં અને સરખેજમાં અપહરણના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. એટલું જ નહીં, તેની અસામાજિક પ્રવૃત્તિઓને કારણે પાલડી પોલીસે અગાઉ તેને પાસા (PASA) હેઠળ જેલ ભેગો પણ કર્યો હતો. હાલમાં ક્રાઇમ બ્રાન્ચે ગાયકવાડ હવેલી પોલીસને આરોપી સોંપવાની તજવીજ હાથ ધરી છે. આ ધરપકડથી રિક્ષામાં ચોરી કરતી ગેંગના અન્ય સાગરીતો વિશે પણ માહિતી મળવાની શક્યતા છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



## ઓપરેશન મુસ્કાનથી સાડા ચાર વર્ષ બાદ યુવતી મળી

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં સાડા ચાર વર્ષથી ગુમ રહેલી યુવતી અંતે પરિવાર સુધી પહોંચતા માનવીય રાહતનો ક્ષણ સર્જાયો છે. 26 જુલાઈ 2021ના રોજ નોકરીના ઇન્ટરવ્યુ માટે ઘરેથી નીકળેલી ઉર્વશીબેન સિંઘા ત્યારબાદ સંપર્કવિહોણી બની ગઈ હતી. તાજેતરમાં યોજાયેલા ઓપરેશન મુસ્કાન દરમિયાન મળેલી માહિતીના આધારે જાણવા મળ્યું કે ઉર્વશીબેને 2023માં લગ્ન કરી આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં વસવાટ શરૂ કર્યો હતો. જરૂરી નિવેદન બાદ તેમને તેમના પતિને સોંપવામાં આવ્યા છે.


## શહેરમાં વાહન ચોરી અને ઉઘરાણીના ગંભીર બનાવો

શહેરના અલગ અલગ વિસ્તારોમાં બે ચોંકાવનારા બનાવ સામે આવ્યા છે. ગોરવા વિસ્તારમાંથી રૂ. 80 હજારની કિંમતનું એક્સેસ મોપેડ ચોરી જવાની ઘટના નોંધાઈ છે, જેના કારણે સ્થાનિકોમાં અસુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ, મકરપુરા વિસ્તારમાં નાણાધીરધારનો ગંભીર મામલો સામે આવ્યો છે. વ્યાજે લીધેલા રૂ. 1.57 કરોડ સામે રૂ. 4.39 કરોડ ચૂકવ્યા છતાં, આરોપીઓએ પિસ્તોલ બતાવી વધુ રૂ. 80 લાખની ઉઘરાણી કરી મકાન પચાવી પાડવાની ધમકી આપી હોવાનો આક્ષેપ થયો છે. આ ઘટનાઓએ શહેરમાં ગુનાખોરી અને નાણાકીય શોષણ સામે ચિંતા વધારી છે.

## જૂનાગઢ: જીવલેણ ચાઈનીઝ દોરી સાથે એક વેપારીની ધરપકડ

ઉતરાયણના પર્વ પૂર્વે જૂનાગઢમાં જીવલેણ ચાઈનીઝ દોરીના વેચાણ પર સી-ડિવિઝન પોલીસે મોટી કાર્યવાહી કરી છે. બાતમીના આધારે હાથ ધરાયેલા દરોડામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની રીલોના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. માનવ જિંદગી અને પક્ષીઓ માટે જોખમી એવી આ દોરી પર સરકારી પ્રતિબંધ હોવા છતાં તેનું વેચાણ કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**રિપોર્ટ: આશિષ વસાવડા બીલખા**



## અમદાવાદ: રામોલમાં મોબાઈલ સ્નેચર ઝડપાયો, મુદ્દામાલ જપ્ત

અમદાવાદના રામોલ વિસ્તારમાં રાહદારીઓને નિશાન બનાવી મોબાઈલ સ્નેચીંગ કરતા એક શખ્સને પોલીસે દબોચી લીધો છે. પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે સીટીએમ ખાનવાડી પાર્કિંગમાંથી મોહમદજેદ હુસેનઅહેમદ શેખની ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી ₹20,000ની કિંમતના બે મોબાઈલ અને સ્નેચીંગમાં વપરાતું ₹50,000નું એક્ટીવા કબજે કરાયું છે. પૂછપરછમાં આરોપીએ ન્યુ મણીનગર અને શ્યામા પ્રસાદ મુખર્જી હોલ પાસેથી મોબાઈલ ઝૂંટવ્યા હોવાની કબૂલાત કરી છે. રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



## અમદાવાદ: સાયબર ફ્રોડમાં કમિશન ખાતી ટોળકીના 6 ઝડપાયા

અમદાવાદમાં સાયબર ક્રાઈમના વધતા ગ્રાફ વચ્ચે કાગડાપીઠ પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ' દ્વારા એક વ્યવસ્થિત નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. સાયબર ઠગ ટોળકી લોકોના બેંક ખાતા ભાડે રાખીને તેમાં છેતરપિંડીની રકમ મેળવતી હોય છે, જેને 'મ્યુલ એકાઉન્ટ' કહેવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા છ આરોપીઓને મુદ્દામાલ અને પુરાવાઓ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. ઘટનાની વિગત એવી છે કે ગીતા મંદિર પાસે આવેલી ઇન્ડિયન ઓવરસીસ બેંકમાં એક શંકાસ્પદ ખાતું ફ્રીઝ કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં ખુલ્યું કે આ ખાતામાં દેશના અલગ-અલગ ભાગોમાંથી થયેલી પાંચ છેતરપિંડીના ₹2.15 લાખ જમા થયા હતા. આરોપીઓ આ રકમ ઉપાડીને તેમાંથી પોતાનું કમિશન કાપી બાકીના નાણાં મુખ્ય સૂત્રધારોને ક્રિપ્ટો કરન્સી અથવા રોકડમાં પહોંચાડતા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ૨૦ થી ૩૧ વર્ષની વયના યુવાનોનો સમાવેશ થાય છે, જેઓ ટૂંકા સમયમાં વધુ પૈસા કમાવવાની લાલચે આ ગુનામાં સંડોવાયા હતા. પોલીસે સુનીલ રાઠોડ સહિત છ સાગરીતોની ધરપકડ કરી છે, જ્યારે નિકોલના કરણ પટેલને વોન્ટેડ જાહેર કરાયો છે. આ કેસમાં કાગડાપીઠ પોલીસે ગુનો નોંધીને આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોની શોધખોળ તેજ કરી છે. પોલીસે જનતાને અપીલ કરી છે કે કોઈ પણ અજાણી વ્યક્તિને કમિશનની લાલચમાં પોતાનું બેંક એકાઉન્ટ વાપરવા આપવું નહીં. **રિપોર્ટ:સાજીદખાન પઠાણ**




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાવનગર LCBનો સપાટો: કિયા ગાડીમાં લઈ જવાતો દારૂ ઝડપાયો

ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્ક્વોડે શિહોર પાસે આયોજનબદ્ધ રીતે રેડ કરી દારૂની હેરાફેરીના નેટવર્કને પકડી પાડ્યું છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કુલસર ગામના ત્રણ શખ્સો કિયા કારમાં દારૂનો જથ્થો લઈને ભાવનગર તરફ આવી રહ્યા છે. આ માહિતીને આધારે ઘાંઘળી ગામના પેટ્રોલ પંપની સામે વોચ ગોઠવી ગાડીને આંતરવામાં આવી હતી.

ગાડીની જડતી લેતા તેમાંથી વ્હિસ્કીની વિવિધ બ્રાન્ડની 263 બોટલો અને કિંગફિશર બિયરના 96 ટીન મળી આવ્યા હતા. કબજે કરેલા દારૂની કિંમત અંદાજે ₹2.71 લાખ જેટલી થાય છે. આ ઉપરાંત ₹12 લાખની કિયા કાર અને મોબાઇલ ફોન સહિત કુલ ₹14.76 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે દિલીપ ત્રિવેદી, સંજય દેવમુરારી અને મોહિત પરમારની ધરપકડ કરી છે. આ રેકેટમાં નાસિકના દિપક સરોડે અને ભાવનગરના વિક્રમ બારૈયાની સંડોવણી હોવાનું પણ બહાર આવ્યું છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. શિહોર પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ સફળ કામગીરીમાં પી.આઈ. એ.આર.વાળા અને પી.બી.જેબલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ જોડાયો હતો. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**શિહોર પાસે કિયા ગાડીમાંથી ₹2.53 લાખનો વિદેશી દારૂ અને બિયર જપ્ત કરી 3 શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.**

## જૂનાગઢ: ₹16.68 લાખના સાયબર સ્કેમમાં મહિલાની ધરપકડ

જૂનાગઢ શહેરમાં સાયબર અપરાધીઓ સામે લાલ આંખ કરતા સી ડીવીઝન પોલીસે એક મોટા નાણાકીય કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ભાડે રાખેલા 'મ્યુલ એકાઉન્ટ્સ' દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી પ્રીયા મુકુંદભાઈ રાડીયા નામની મહિલાની પોલીસે ધરપકડ કરી છે.

તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી મહિલાએ તેના SBI, બેન્ક ઓફ મહારાષ્ટ્ર અને કેનરા બેંકના અંગત ખાતાઓનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાં મેળવવા માટે કર્યો હતો. આ ખાતાઓ દ્વારા કુલ ૧૦ નિર્દોષ વ્યક્તિઓ સાથે ₹16,68,050/- ની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હતી. સાયબર ઠગ ટોળકી સામાન્ય રીતે લાલચ આપીને લોકોના ખાતા ભાડે લેતી હોય છે, જેને તકનીકી ભાષામાં 'મ્યુલ એકાઉન્ટ' કહેવાય છે.

જૂનાગઢ પોલીસે આ મામલે કડક વલણ અપનાવી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને આઈ.ટી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ પોલીસે જનતાને સજાગ રહેવા વિનંતી કરી છે. ખાસ કરીને માતા-પિતાએ પોતાના સંતાનોના બેંક એકાઉન્ટમાં અચાનક આવતા મોટા વ્યવહારો પર નજર રાખવી જોઈએ. કોઈ પણ વ્યક્તિ, પછી ભલે તે સગા કે મિત્ર હોય, તેને પોતાનું બેંક એકાઉન્ટ કે ઓટીપી શેર ન કરવા પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે..

**રિપોર્ટ : આશિષ વસાવડા**




## ભાવનગર: વૃદ્ધાના ગળામાંથી ચેઈન તોડતી ગેંગનો પર્દાફાશ

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વૃદ્ધ મહિલાઓને ટાર્ગેટ કરી ચિલઝડપ કરતી ટોળકીના એક સાગરીતને પેરોલ ફર્લો સ્ક્વોડે દબોચી લીધો છે. પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમાર અને એસપી નિતેશ પાંડેની સૂચના હેઠળ એલ.સી.બી. ઇન્સ્પેક્ટર એ.આર.વાળા અને પી.બી.જેબલીયાના માર્ગદર્શનમાં આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે એક ઈસમ જહાંગીર મીલની દીવાલ પાસે સોનાના ચેઈન વેચવાની પેરવીમાં ઉભો છે. પોલીસે દરોડો પાડી કનુભાઈ બાલુભાઈ મકવાણા (રહે. સુરત, મૂળ તળાજા) ને ઝડપી લીધો હતો. તેની તલાશી લેતા ₹7.92 લાખની કિંમતના ચાર સોનાના ચેઈન અને ₹25,000નું સ્કૂટર મળી આવ્યું હતું. પૂછપરછમાં જાણવા મળ્યું કે આરોપી અને તેનો મિત્ર રમેશ વાઘ જૈન દેરાસર આસપાસ રેકી કરતા અને દર્શન કરીને જતી વૃદ્ધ મહિલાઓને નિશાન બનાવી નિર્જન સ્થળે ચિલઝડપ કરતા હતા.

આ કાર્યવાહીથી નિલમબાગ પોલીસ મથકના ત્રણ મુખ્ય ગુનાઓ ઉકેલાયા છે. આરોપીએ પાલીતાણા તળેટીમાંથી પણ ચિલઝડપ કર્યાની કબૂલાત આપી છે. હાલમાં પોલીસે ₹8,17,500/- નો મુદ્દામાલ કબજે કરી ફરાર આરોપી રમેશ વાઘને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## પાલીતાણા: નશા માટે વપરાતા સ્મોકિંગ કોન સાથે એક ઝડપાયો

"નશામુક્ત ગુજરાત" અભિયાનને વેગ આપવા ભાવનગર પોલીસ અધિક્ષક નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. (S.O.G.) વિભાગે બાજ નજર રાખી છે. આ અંતર્ગત પાલીતાણા પંથકમાં નશીલા પદાર્થોના સેવન માટે સરળતા કરી આપતી પ્રતિબંધિત સામગ્રીનું વેચાણ કરતા એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, S.O.G. ની ટીમ પાલીતાણા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રેલવે ફાટક પાસે આવેલા ખેતલા આપા ટી સ્ટોલ સંલગ્ન માધવ ડીલક્ષ પાન સેન્ટરમાં પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોનનું વેચાણ થતું હોવાની વિગતો મળી હતી. પોલીસે તુરંત તપાસ હાથ ધરતા દુકાનમાંથી 65 નંગ સ્મોકિંગ કોન મળી આવ્યા હતા. રાજ્યના ગૃહ વિભાગે તાજેતરમાં જ ગોગો સ્મોકિંગ કોન, રોલ પેપર અને પરફેક્ટ રોલ જેવા સાધનોના વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડ્યું છે.

દુકાન માલિક અશોકભાઈ પોપટભાઈ મેર (રહે. નાની રાજસ્થળી) ની કાયદેસરના પુરાવા વગર આ પ્રતિબંધિત સામગ્રી રાખવા બદલ અટકાયત કરવામાં આવી છે. પોલીસ દ્વારા તમામ મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ પાલીતાણા ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ભાવનગર પોલીસના આ સપાટાથી નશાના વ્યવસાય સાથે સંકળાયેલા કે તેને મદદરૂપ થતા તત્વોમાં ફફડાટ જોવા મળ્યો છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**પાલીતાણામાં પાન સેન્ટર પર પ્રતિબંધિત 'ગોગો સ્મોકિંગ કોન'નું વેચાણ કરતો શખ્સ ભાવનગર SOGના હાથે ઝડપાયો, મુદ્દામાલ જપ્ત.**

## પરિણીતાઓ પર ત્રાસના બે કેસ, દહેજની માંગ

શહેરના અલગ અલગ વિસ્તારોમાં પરિણીતાઓ પર ત્રાસના બે ગંભીર બનાવ સામે આવ્યા છે. ફતેગંજ વિસ્તારમાં સાસરીયાઓ દ્વારા નાની નાની બાબતે ઝઘડો કરી પરિણીતાને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ, ગોરવા વિસ્તારમાં પતિ અને સાસરીયાઓએ પરિણીતાને મેણા-ટોણા માર્યા, જાનથી મારી નાખવાની ધમકી આપી અને રૂ. 4 લાખના દહેજની માંગણી કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યો હોવાનો આક્ષેપ થયો છે. આ ઘટનાઓએ ઘેરેલુ હિંસા અને દહેજ પ્રથા સામે સમાજમાં ફરી ગંભીર ચર્ચા ઊભી કરી છે.

## પાણીગેટ વિસ્તારમાં નાનકડી બાબતે હિંસક અથડામણોની ઘટનાઓ

પાણીગેટ વિસ્તારમાં બે અલગ અલગ ઘટનાઓએ શહેરી જીવનમાં વધતી અસહિષ્ણુતાની ચિંતા ઊભી કરી છે. એક ઘટનામાં રિક્ષાનો જેક માંગવા જેવી સામાન્ય બાબતે બોલાચાલી થઈ, જે બાદ લાકડાના ફટકા વડે હુમલો કરાતા ફરિયાદીને ફ્રેક્ચરની ઇજા પહોંચી. બીજી ઘટનામાં રસ્તા પર થૂંક ઉડવાની બાબતે ઝપાઝપી સર્જાઈ, જેમાં આરોપીઓએ ફરિયાદી અને તેના મિત્રોને ગડદાપાટુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી. નાનકડી વાતે હિંસક વલણ દેખાતું હોવાથી સ્થાનિકોમાં અશાંતિ ફેલાઈ છે અને સામાજિક સહનશીલતા અંગે પ્રશ્નો ઊભા થયા છે.

## બે અલગ વિસ્તારોમાં સાયબર ફ્રોડથી કરોડો રૂપિયાનું નુકસાન

શહેરના વિવિધ વિસ્તારોમાં સાયબર છેતરપિંડીના બે મોટા બનાવ સામે આવ્યા છે. બાપોદ વિસ્તારમાં સાયબર ફ્રોડ દ્વારા એક બેંક એકાઉન્ટમાં આશરે રૂ. 19.85 લાખ ટ્રાન્સફર કરાવી આર્થિક નુકસાન પહોંચાડાયું છે. બીજી તરફ, પાણીગેટ વિસ્તારમાં RPCL INDIA PVT LTD નામે બેંક એકાઉન્ટ ખોલાવી ઇન્ટરનેટ માધ્યમથી આશરે રૂ. 1.20 કરોડથી વધુની ઓનલાઇન છેતરપિંડી કરવામાં આવી છે. આ ઘટનાઓથી નાગરિકોમાં ચિંતા વધતી જઈ રહી છે અને ડિજિટલ લેવડદેવડમાં વધુ સાવચેતી રાખવાની જરૂરિયાત ઉજાગર થઈ છે.

## બેંક એકાઉન્ટનો દુરુપયોગ કરી સાયબર છેતરપિંડી

વારસીયા વિસ્તારમાં સાયબર ગુનાનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. સાયબર ક્રાઇમ માટે બેંક એકાઉન્ટ પૂરા પાડીને આશરે રૂ. 8,12,416 જેટલા અનઅધિકૃત ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર રકમ અલગ અલગ ખાતાઓ મારફતે હેરફેર કરી અસરગ્રસ્તને આર્થિક નુકસાન પહોંચાડાયું છે. ઘટનાએ ફરી એકવાર સાયબર ગુનાઓની વધતી સમસ્યા સામે લાવી છે. નિષ્ણાતોનું કહેવું છે કે અજાણ્યા લોકોના કહેવાથી બેંક ખાતા ઉપયોગમાં લેવા અથવા વિગતો શેર કરવી જોખમી સાબિત થઈ શકે છે. નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધારવાની જરૂરિયાત વધુ મજબૂત બની છે.

## લોન અપાવવાની લાલચમાં 20 લાખની છેતરપિંડીનો ખુલાસો

જે.પી. રોડ વિસ્તારમાં એક ગંભીર વિશ્વાસઘાત અને છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ફરિયાદી સાથે રૂ. 50 લાખની લોન અપાવવાની ખાતરી આપી આરોપીઓએ વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં વિવિધ બહાનાં હેઠળ કુલ રૂ. 20 લાખ રૂપિયા મેળવી લેવામાં આવ્યા, પરંતુ ન તો લોન મળી અને ન જ રકમ પરત અપાઈ. ઘટનાથી વેપારી અને નાગરિક વર્ગમાં ચિંતા જોવા મળી રહી છે, જ્યારે લોકોમાં નાણાકીય સોદામાં સાવચેતી રાખવાની ચર્ચા તેજ બની છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાવનગર: દારૂના વેપારી સામે 'પાસા'નો શસ્ત્ર ઉગામતી પોલીસ

ભાવનગર રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ અસામાજિક તત્વો વિરુદ્ધ શરૂ કરાયેલી ઝુંબેશ અંતર્ગત વધુ એક બુટલેગરને જેલ હવાલે કરાયો છે. વલભીપુર તાલુકાના લાખણકા ગામના રાહુલ જેરામભાઈ સોલંકી વિરુદ્ધ અગાઉ વિદેશી દારૂના અનેક ગુનાઓ નોંધાયા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા તૈયાર કરાયેલી પાસા દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે મંજૂરી આપતા, પોલીસે આરોપીને પાસા વોરંટની બજવણી કરી સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો છે. આ કાર્યવાહીથી ગુનાખોરી આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## પાટણ SOGનો સપાટો: ચાણસ્મામાં બે બોગસ તબીબોની ધરપકડ

પાટણ SOG ની ટીમે ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામમાં જનતાના આરોગ્ય સાથે રમત રમતા બે બોગસ તબીબોનો પર્દાફાશ કર્યો છે. પૂર્વ બાતમીના આધારે SOG એ આ વિસ્તારમાં દરોડા પાડ્યા હતા, જ્યાં બે શખ્સો કોઈપણ અધિકૃત મેડિકલ ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા મળી આવ્યા હતા.

દરોડા દરમિયાન પોલીસે ક્લિનિકમાંથી વિવિધ એલોપેથિક દવાઓ, સીરીંજ અને ઇન્જેક્શન સહિત કુલ ₹4,728નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બોગસ ડૉક્ટરો માત્ર પ્રાથમિક જ્ઞાનના આધારે લોકોની ગંભીર બીમારીઓની સારવાર કરતા હતા, જે દર્દીઓના જીવ માટે જોખમી સાબિત થઈ શકે તેમ હતું.

પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમની વિરુદ્ધ BNS-2023 ની કલમ 319(2) તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટની કલમ 30 મુજબ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ ચાણસ્મા પોલીસ ચલાવી રહી છે.




પોલીસની આ કાર્યવાહીથી લોકોમાં જાગૃતિ આવી છે કે બીમારીના સમયે માત્ર લાયકાત ધરાવતા એમ.બી.બી.એસ. અથવા માન્ય ડૉક્ટરો પાસે જ સારવાર લેવી જોઈએ. પાટણ પોલીસે પણ અપીલ કરી છે કે જો કોઈ વિસ્તારમાં આવા બોગસ ડૉક્ટરો પ્રેક્ટિસ કરતા જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો. આગામી દિવસોમાં જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ આવી કડક તપાસ ચાલુ રહેવાની શક્યતા છે.

## ડેસર: વાંકાનેડામાં કાગળ પર કામ પૂર્ણ, વાસ્તવિકતામાં શૂન્ય!

ડેસર તાલુકાના વાંકાનેડા જૂથ ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી યોજનાઓના અમલીકરણમાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપોથી ખળભળાટ મચી ગયો છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ ગામમાં સામૂહિક કમ્પોસ્ટ પિટ, શોકપિટ અને શૌચાલય જેવા કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, માહિતી અધિકાર (RTI) હેઠળ મળેલા સત્તાવાર દસ્તાવેજોમાં આ તમામ કામો પૂર્ણ થયાના પ્રમાણપત્રો રજૂ કરી દેવાયા છે અને તે પેટે ₹1.66 લાખથી વધુની રકમ પણ ખર્ચાઈ ગઈ છે.

જોકે, જ્યારે જાગૃત નાગરિકોએ સ્થળ પર જઈને ભૌતિક તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. અનેક જગ્યાએ કોઈ પણ પ્રકારનું બાંધકામ અસ્તિત્વમાં જ નથી, જ્યારે સ્મશાન ગૃહમાં નંખાયેલા પેવર બ્લોકનું કામ પણ મંજૂર કરાયેલા માપ કરતા ઘણું ઓછું છે. આ મામલે વડોદરા જિલ્લા વિકાસ અધિકારી (DDO)



સમક્ષ લેખિત આવેદન પાઠવવામાં આવ્યું છે. આવેદનમાં માંગ કરવામાં આવી છે કે આ કામોની સ્વતંત્ર તકનીકી તપાસ અને નાણાકીય ઓડિટ કરવામાં આવે. જાહેર જનતાના ટેક્સના નાણાંનો કાગળ પર ખર્ચ બતાવી આચરવામાં આવેલી આ ગેરરીતિમાં સામેલ તત્વો સામે કાયદેસરના પગલાં ભરવા માટે ગામલોકોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

**રીપોટ : કિરણસિંહ સોલંકી**

## વડોદરામાં પ્રોહીબિશન કેસો, એક દિવસમાં 34 નોંધાયા

વડોદરા શહેરમાં પ્રોહીબિશન સંબંધિત પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી જોવા મળી. શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ 34 દારૂના કેસો નોંધાયા, જેમાં રૂ. 8,000 જેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ ઘટનાઓમાં 28 વ્યક્તિઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ગેરકાયદે દારૂના વપરાશ અને વેચાણની ઘટનાઓ સતત સામે આવી રહી હોવાથી નશામુક્ત સમાજ માટે વધુ જાગૃતિ અને સામાજિક જવાબદારી જરૂરી બની છે.

## આદિવાસી નિવાસી શાળાઓમાં શિક્ષક અછત મુદ્દો

ડાંગ જિલ્લામાં આજે આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં 'ભારત આદિવાસી સંવિધાન સેના' અને 'ભારતીય ટ્રાઇબલ પાર્ટી' દ્વારા સશક્ત રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યભરની 'આદિવાસી આદર્શ નિવાસી શાળાઓ'માં લાંબા સમયથી શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓને કારણે શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, જેના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

BTS-ATS પ્રમુખ સતિષભાઈ ગાયકવાડ અને અન્ય અગ્રણીઓએ ધ્યાન દોર્યું હતું કે, રાજ્યમાં કુલ મંજૂર ૫૧૫ જગ્યાઓ સામે ૨૯૫ થી વધુ જગ્યાઓ ખાલી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે ૩૦ થી ૪૦ ટકા શિક્ષકોની અછતને કારણે બોર્ડનું પરિણામ નીચું જઈ રહ્યું છે અને ડ્રોપઆઉટ રેશિયો વધી રહ્યો છે.

વિષયવાર નિષ્ણાત શિક્ષકો ન હોવાને કારણે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે.

આગેવાનોએ મુખ્ય માંગણી કરી છે કે તમામ ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવામાં આવે અને વિશેષ ભરતી અભિયાન માટે રોડમેપ જાહેર કરવામાં આવે. આ રજૂઆતની નકલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને મુખ્યમંત્રીને પણ મોકલવામાં આવી છે. કલેક્ટરે આ પ્રશ્ને હકારાત્મક કાર્યવાહીની ખાતરી આપી હતી. **રિપોર્ટ : ચૌર્યા અજય ડાંગ**



## પ્રાંતિજ-તલોદ માટે 145 કરોડ પાઈપલાઈન યોજના મંજૂર

પ્રાંતિજ/તલોદ: સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાના ખેતીવાડી અને ગ્રામીણ જનજીવન માટે રાજ્ય સરકારે મોટી ભેટ આપી છે. હાથમતી-ગુહાઈ પાઈપલાઈન યોજના હેઠળ ₹145 કરોડના ખર્ચે નર્મદાના નીર ગામડાઓના આંગણે પહોંચાડવાનું આયોજન મંજૂર કરવામાં આવ્યું છે. આ યોજનાથી પંથકમાં જળ સ્તર ઊંચા લાવવા અને ખેતીને સમૃદ્ધ બનાવવા માટેનો માર્ગ મોકળો થયો છે.

લાભાર્થી ગામો અને યોજનાની રૂપરેખા: આ યોજનાનો વ્યાપ ઘણો મોટો છે. પ્રાંતિજ તાલુકાના ઘડકન, બાલીસણા, કરોલ, તાજપુર કુઈ, દલાની મુવાડી, પઢાયડા, અને તલોદ તાલુકાના બોરિયા બેચરાજી, મહેકાલ, જવાનપુર, ગુલાબની મુવાડી, રાયનીયા, મહિયલ, ખેરોલ જેવા અનેક ગામો આ પાઈપલાઈન નેટવર્કથી જોડાશે. યોજનાનો મુખ્ય હેતુ નર્મદાના પાણી દ્વારા સ્થાનિક તળાવોને જીવંત કરવાનો છે.

ખેડૂતો અને પશુપાલકોમાં ખુશી: જ્યારે ગ્રામ્ય તળાવો નર્મદાના પાણીથી ભરાશે, ત્યારે તેની અસર ભૂગર્ભ જળસ્તર પર પડશે. લાંબા સમયથી ઉંડા ઉતરી રહેલા પાણીના સ્તર હવે ઊંચા આવશે, જેનાથી ટ્યુબવેલ અને કુવાઓમાં પાણીની આવક વધશે. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતા પાક ઉત્પાદન વધશે અને આખરે ખેડૂતોની આવક બમણી કરવામાં મદદ મળશે. પશુપાલન માટે પણ ઘાસચારો અને પાણીની ઉપલબ્ધતા સરળ બનશે, જે ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી આપશે.

સરકારનો આભાર: આ ઐતિહાસિક રકમ મંજૂર કરવા બદલ પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ યોજના માત્ર પાણી પુરવઠો જ નહીં, પરંતુ આ વિસ્તારના હજારો પરિવારો માટે આર્થિક સમૃદ્ધિની ગેરંટી બનશે. આ જાહેરાત બાદ સમગ્ર પંથકમાં ખેડૂતો દ્વારા ઉત્સાહ પૂર્વક વધામણી કરવામાં આવી રહી છે.

**રિપોર્ટ: સોમાજી ચૌહાણ**

**પ્રાંતિજ-તલોદના ગામો નર્મદા જળથી થશે સમૃદ્ધ: ₹145 કરોડની પાઈપલાઈન યોજનાને લીલી ઝંડી**

## નેશનલ હાઇવે 48: બાલેશ્વર પાસે હિટ એન્ડ રન

નેશનલ હાઇવે 48 પર પલસાણાના બાલેશ્વર પાટિયા પાસે આજે સવારે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. પરવેઝ પાર્કમાં રહેતી બે મહિલા કામદારો જ્યારે સવારે મિલમાં નોકરી માટે રસ્તો ક્રોસ કરી રહી હતી, ત્યારે કાળ બનીને આવેલા અજાણ્યા વાહનચાલકે તેમને અડફેટે લીધી હતી. રિલીફ હોટલની બરાબર સામે થયેલા આ અકસ્માતમાં એક મહિલાનું શરીર કચડાઈ જવાથી સ્થળ પર જ મોત થયું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને 108 એમ્બ્યુલન્સની ટીમ દોડી આવી હતી. ગંભીર હાલતમાં બીજી મહિલાને સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ જીવ બચાવવા માટે તેના બંને પગ કાપી નાખવા પડ્યા હતા.

આ હૃદયદ્રાવક સમાચાર વાયુવેગે ફેલાતા પરવેઝ પાર્કના રહીશો મોટી સંખ્યામાં હાઇવે પર ઉતરી આવ્યા હતા અને ટ્રાફિક જામ કરી દીધો હતો. ગામના અગ્રણી સુફિયાન પઠાણ અને ભાજપ નેતા કેતન પટેલ પણ સ્થળ પર પહોંચ્યા હતા. સ્થાનિકોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અહીં વારંવાર અકસ્માતો થાય છે, માટે તાત્કાલિક ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવે. કેતન પટેલે આ મામલે સરકારમાં રજૂઆત કરી યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ધનસુરા તાલુકા સરપંચ એસોસિએશન પ્રમુખે સૂર્યભાણસિંહ પુનઃવરણી

ધનસુરા તાલુકાના શિકા ચોકડી ખાતે આજે સરપંચોના સ્નેહમિલન પ્રસંગે એક મહત્વના રાજકીય અને વહીવટી સમાચાર સામે આવ્યા છે. તાલુકા સરપંચ એસોસિએશનની બેઠકમાં વડાગામના સરપંચ સૂર્યભાણસિંહ રહેવરને સર્વાનુમતે ફરી એકવાર સંગઠનની કમાન સોંપવામાં આવી છે.

કાર્યક્રમની વિગત મુજબ, હાઈવે પર આવેલ હોટલના હોલમાં તાલુકાના તમામ ગ્રામ પંચાયતોના સરપંચોની મિટિંગ મળી હતી. જેમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને ગ્રામીણ પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે પ્રમુખ પદ માટે સૂર્યભાણસિંહ રહેવરના નામ પર મહોર મારવામાં આવી હતી. તેમની નિમણૂક બિનહરીફ થતા લોકશાહીના પાયા સમાન પંચાયતી રાજના પ્રતિનિધિઓમાં એકતાના દર્શન થયા હતા.

સૂર્યભાણસિંહ રહેવર યુવા અને ઉત્સાહી હોવાની સાથે વહીવટી બાબતોમાં પણ ઊંડી સમજ ધરાવે છે, જેના કારણે તેમને સતત બીજીવાર આ જવાબદારી સોંપાઈ છે. નવનિયુક્ત પ્રમુખે તમામ સરપંચોનો આભાર માનતા જણાવ્યું હતું કે, તેઓ તાલુકાના વિકાસ અને સરપંચોના અધિકારો માટે હંમેશા અગ્રેસર રહેશે. આ વરણીને પગલે ધનસુરા તાલુકાના રાજકીય વર્તુળોમાં પણ હર્ષની લાગણી ફેલાઈ છે. **રિપોર્ટ. સોમાજી ચૌહાણ**



## ધારી: ત્રંબકપુરમાં 23 વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

તલોદની પ્રતિષ્ઠિત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં લાંબી કાયદાકીય લડત બાદ યોજાયેલી ચૂંટણીમાં 'વિકાસ પેનલ'નો દબદબો રહ્યો છે. વાઇસ પેટ્રન કક્ષાની ૨૦ બેઠકોમાંથી ૧૮ બેઠકો પર વિકાસ પેનલના ઉમેદવારો વિજયી થયા છે, જ્યારે પ્રતિસ્પર્ધી નવયુગ પેનલને માત્ર ૨ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. પેટ્રન કક્ષામાં પણ વિકાસ પેનલે તમામ ૧૦ બેઠકો જીતી લીધી છે. છેલ્લા આઠ વર્ષથી કથળેલા વહીવટને પાટે ચઢાવવા અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સુવિધા આપવાના હેતુથી આ વિજયને નગરજનોએ આવકાર્યો છે.

**રિપોર્ટ : સોમાજી ચૌહાણ**



## તલોદ કોલેજમાં 'વિકાસ પેનલ'નો ભવ્ય જનાદેશ: કથળેલા વહીવટને સુધારવા નવી ટીમ સજ્જ

## ગઢડા: માંડવધાર ગામે ઉમિયા માતાજીના રથની વાજતે-ગાજતે પધરામણી




ગઢડા તાલુકાના માંડવધાર ગામમાં ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. કડવા પાટીદાર સમાજની કુળદેવી મા ઉમિયાનો રથ ઉંઝાથી માંડવધાર ગામે પધારતા ગ્રામજનો દ્વારા તેનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ સ્વાગત કરાયું હતું. ઉંઝા ઉમિયાધામથી શરૂ થયેલી આ રથયાત્રા વિવિધ ગામોમાં પરિભ્રમણ કરી રહી છે, જે અંતર્ગત માંડવધાર ખાતે તેનું ભવ્ય આગમન થયું હતું. માતાજીના રથને વધાવવા માટે પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ડીજેના તાલે અને વાજતે-ગાજતે નીકળેલા સામૈયામાં ગુલાલ અને ફૂલોની વર્ષા કરવામાં આવી હતી. ભાઈઓ, બહેનો અને બાળકોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રથની આરતી ઉતારી સુખડ-પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માંડવધાર પાટીદાર સમાજના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના આગેવાનોએ રથ સાથે પધારેલા ભાવિક ભક્તો અને સ્વયંસેવકોનું ફૂલહાર અને ખેસ પહેરાવી ભાવભીનું સન્માન કર્યું હતું. માતાજી પ્રત્યેની અપાર શ્રદ્ધા સાથે માંડવધારમાં યોજાયેલો આ ધાર્મિક મહોત્સવ સામાજિક એકતાનું પ્રતીક બન્યો હતો.

## ડાંગ પ્રભારી મંત્રી ડો. જયરામ ગામીતે નવી પંચાયત કચેરીની લીધી મુલાકાત



ડાંગ જિલ્લાના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા માટે પ્રભારી મંત્રી ડો. જયરામ ગામીત આહવા ખાતે પહોંચ્યા હતા. તેમના આ પ્રવાસ દરમિયાન તેમણે ડાંગના મુખ્ય મથક આહવા ખાતે આશરે ₹30 કરોડના ખર્ચે નવનિર્માણ પામી રહેલી જિલ્લા પંચાયત કચેરીના બાંધકામનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રીએ બાંધકામ સ્થળ પર પહોંચીને પ્રોજેક્ટના લેઆઉટ, વપરાતી સામગ્રી અને સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતનું ભવન ડાંગની ઓળખ સમાન છે, તેથી તેની ગુણવત્તામાં કોઈ સમાધાન ચલાવી લેવામાં આવશે નહીં. આ મુલાકાતમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન અને જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી ડો. જયરામ ગામીતે સંબંધિત વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે ચર્ચા કરી હતી અને કામગીરીમાં ગતિ લાવવા તેમજ સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા તાકીદ કરી હતી. કચેરીમાં પધારનાર નાગરિકોને આધુનિક સુવિધાઓ મળે તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ નવું ભવન ડાંગના વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરશે તેવી અપેક્ષા છે. **રિપોર્ટ : ચૌર્યા અજય ડાંગ**

## ACBનો સપાટો: PI, શિક્ષક અને કર્મચારી સહિત 4 લાંચમાં ઝડપાયા




ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ પર ACBએ લાલ આંખ કરી છે. આજે એક જ દિવસમાં સુરતમાં 3 લાખની લાંચ લેતા પોલીસ ઇન્સ્પેક્ટર, ઇડર તાલુકા પંચાયતના ગ્રામ વિકાસ શાખાના બે કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, નર્મદાના કરજણ જળાશય યોજનાના રોજમદાર અને કચ્છના નખત્રાણામાં 2.80 લાખની લાંચ માંગનાર મુખ્ય શિક્ષક એમ ચાર અલગ-અલગ કેસમાં સફળ ટ્રેપ કરી છે. ગાંધીનગર પેન્શન કચેરીના કર્મચારીની સંડોવણી પણ સામે આવી છે. આ કાર્યવાહીએ સાબિત કર્યું છે કે ભ્રષ્ટાચાર સામે તંત્ર હવે કોઈ પણ બાંધછોડ કરવાના મૂડમાં નથી.

## ઇડર તાલુકા પંચાયત: લાંચ લેતા બે કોન્ટ્રાક્ટ કર્મીઓ ઝડપાયા



ઇડર તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખામાં ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે. અહીં હંગામી ધોરણે ક્લસ્ટર કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા કમલકુમાર પટેલ અને જીનલબેન પટેલે સેગ્રીગેશન કામગીરીના બદલામાં ફરિયાદી પાસે ₹1,25,000 ની લાંચ માંગી હતી. ફરિયાદીએ આ અંગે ACB (એન્ટી કરપ્શન બ્યુરો) નો સંપર્ક કરતા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. ટ્રેપ દરમિયાન બંને આરોપીઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પંચાયત કચેરીઓમાં ફફડાટ ફેલાયો છે.

**રિપોર્ટ : જનક જાદવ**

## ખેડબ્રહ્મા માદક પદાર્થ કેસ: વડાલી પોલીસે આરોપીને દબોચી લીધો



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પોલીસ મથકમાં પાંચ મહિના અગાઉ નોંધાયેલા માદક પદાર્થ (ગાંજા) ના ગુનામાં નાસતા ફરતા આરોપીને વડાલી પોલીસે દબોચી લીધો છે. થેરાસણા ગામનો નિકુલ કુમાર અર્જુનભાઈ પરમાર આ ગુનામાં સંડોવાયેલ હતો અને પોલીસથી બચવા સતત સ્થળ બદલી રહ્યો હતો. વડાલી પોલીસને બાતમી મળી હતી કે આરોપી ધરોઈ ત્રણ રસ્તા પાસે ઊભો છે, જેના આધારે ટેકનિકલ સર્વેલન્સ ટીમની મદદથી ઓપરેશન પાર પાડી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો છે.

**રિપોર્ટ : જનક જાદવ**

# સેવાલિયા પોલીસનો સપાટો: ચોરીની મોટરસાયકલ સાથે આરોપી ઝડપાયો



ખેડા જિલ્લાના સેવાલિયા પોલીસ મથકના સ્ટાફ દ્વારા વાહન ચોરીના ગુનાઓ રોકવા માટે હાઇવે પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ મોહનભાઈને એક મહત્વની સફળતા મળી છે. તેમને અંગત બાતમી મળી હતી કે પંચમહાલના વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાંથી મોટરસાયકલ ચોરી કરનાર આરોપી સાહિલ હનીફ પઠાણ ગોધરા તરફથી ચોરીનું બાઇક લઈને અંગાડી તરફ જઈ રહ્યો છે. આ ચોક્કસ બાતમીને પગલે પોલીસે સેવાલિયા ત્રણ રસ્તા હાઇવે પર કિલ્લાબંધી ગોઠવી દીધી હતી. જ્યારે બાતમી મુજબનું મોટરસાયકલ ત્યાંથી પસાર થયું, ત્યારે પોલીસે તેને અટકાવી ચાલકની કડક પૂછપરછ કરી હતી. શરૂઆતમાં આરોપીએ ગલ્લાંતલ્લાં કર્યા હતા, પરંતુ પોલીસની પૂછપરછમાં તેણે બાઇક ચોરી હોવાની કબૂલાત કરી હતી. સેવાલિયા પોલીસે આરોપી સાહિલ પઠાણની ધરપકડ કરી બાઇક જપ્ત કર્યું છે. પકડાયેલ આરોપી અને મુદ્દામાલને આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે. પોલીસની આ ત્વરિત કામગીરીને કારણે આંતરજિલ્લા બાઇક ચોરીનો ભેદ ઉકેલાયો છે.

**રિપોર્ટ: હસમુખભાઈ નાયક**

**ખેડાના સેવાલિયા ત્રણ રસ્તા પાસે પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી ચોરીની મોટરસાયકલ સાથે ગોધરાના સાહિલ પઠાણને ઝડપી પાડ્યો છે. આ બાઇક પંચમહાલના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાઈ હતી, જે મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.**

## ભરૂચ જિલ્લામાં 70 પોલીસકર્મીઓની એકસાથે બદલીનો આદેશ

ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ બેડામાં વ્યાપક ફેરબદલ કરતા કુલ 70 પોલીસકર્મીઓની બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. આ આદેશમાં મુખ્યત્વે એવા 56 પોલીસકર્મીઓ નિશાના પર રહ્યા છે જેઓ છેલ્લા 5 વર્ષ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. વહીવટી તંત્રના મતે, એક જ સ્થળે લાંબો સમય વિતાવવાથી કામગીરીમાં જડતા ન આવે અને પારદર્શિતા જળવાય તે માટે આ બદલીઓ અનિવાર્ય હતી. આ ઉપરાંત અન્ય 14 કર્મીઓને પણ જાહેર હિતાર્થે બદલવામાં આવ્યા છે. SP દ્વારા લેવાયેલા આ કડક અને ગતિશીલ નિર્ણયને કારણે સમગ્ર જિલ્લાના પોલીસ બેડામાં ફફડાટ અને આશ્ચર્ય ફેલાયું છે. આ ફેરબદલ આગામી સમયમાં જિલ્લાની સુરક્ષા વ્યવસ્થા પર કેવી અસર પાડે છે તે જોવું રહ્યું. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**

## અમદાવાદ-ભાવનગરમાં નશાના કારોબાર પર પોલીસે કડક કાર્યવાહી કરી



**અમદાવાદના રખિયાલમાં પ્રતિબંધિત ગોગો પેપર અને ભાવનગરમાં લાખોના ગાંજા સાથે રીઢા ગુનેગારની ધરપકડ કરવામાં આવી છે.**

ગુજરાતના બે મુખ્ય શહેરોમાં નશાના કારોબાર પર પોલીસે લાલ આંખ કરી છે. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે 'લક્કી ટ્રેડર્સ' નામની દુકાનમાં રેડ પાડી હતી. ત્યાંથી સરકારે પ્રતિબંધિત કરેલા ગોગો સ્મોકિંગ કોર્નનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૩૦ વર્ષીય કૌશરઆલમની ધરપકડ કરી છે, જે નશા માટે વપરાતા આ સાધનોનું ગેરકાયદે વેચાણ કરતો હતો. બીજી બાજુ, ભાવનગરમાં 'નો ડ્રગ્સ ઈન ભાવનગર' અભિયાન હેઠળ SOG એ મોટી કાર્યવાહી કરી છે. કરચલીયાપરામાં ટોળકીનગરમાં રહેણાંક મકાન પર દરોડા પાડીને ૧,૪૫,૫૫૦ રૂપિયાની કિંમતનો ગાંજો ઝડપી લેવાયો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલ આરોપી રવી ઉર્ફે શેરો એક રીઢો ગુનેગાર છે અને તેની સામે ગંગાજળિયા, વરતેજ અને નીલમબાગ પોલીસ સ્ટેશનોમાં ચોરી, બળાત્કાર અને નશાના વ્યવસાયના અનેક કેસો નોંધાયેલા છે. તે અગાઉ લાંબો સમય જેલવાસ પણ ભોગવી ચૂક્યો છે. પોલીસે આરોપી પાસેથી ગાંજા સિવાય વજન કાંટો અને અન્ય સાધનો પણ જપ્ત કર્યા છે. પોલીસનું કહેવું છે કે આવા નશાકારક પદાર્થોના ઉપયોગથી ગુનેગારો ગુના આચરતા પહેલા નશો કરતા હોય છે, જેથી આવા ગેરકાયદે વેચાણને રોકવું અનિવાર્ય છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## હાંસોલમાં પ્રતિબંધ બાદ ₹72 લાખનો ગોગો પેપર જથ્થો જપ્ત



ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં જ રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન જેવી વસ્તુઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ જાહેરનામાના કડક અમલીકરણના ભાગરૂપે અમદાવાદના હાંસોલ વિસ્તારમાં અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બાતમીના આધારે હાંસોલના સમરથનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં તપાસ હાથ ધરતા પ્રતિબંધિત વસ્તુઓનો ડુંગર જોવા મળ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ ₹72,28,510/- ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જેમાં 2.56 લાખ નંગ બ્રાઉન કોર્ન, 2100થી વધુ રોલિંગ પેપરના પેકેટ્સ અને અન્ય વિવિધ પ્રકારના સેમ્પલ પેપરનો સમાવેશ થાય છે. આ ગેરકાયદે સંગ્રહ કરવા બદલ 28 વર્ષીય જેકી પ્રહલાદભાઈ મોટવાણીની અટકાયત કરવામાં આવી છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-223 હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ અને નશાની બદીને રોકવા માટે સરકાર દ્વારા આ વસ્તુઓ પર પ્રતિબંધ મુકાયો છે, ત્યારે અમદાવાદમાં મળેલી આ સફળતાથી ગેરકાયદે વેપાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## અમદાવાદ: રખિયાલમાં પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોનનો જથ્થો જપ્ત



અમદાવાદ શહેરના રખિયાલ વિસ્તારમાં પ્રતિબંધિત નશાના સાધનોના વેચાણ પર લાલ આંખ કરવામાં આવી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા ગત 16 ડિસેમ્બરના રોજ રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન જેવી વસ્તુઓ પર પ્રતિબંધ મુક્યા બાદ તંત્ર એક્શન મોડમાં છે. રખિયાલ ભીખાભાઈની ચાલી પાસે આવેલી 'લક્કી ટ્રેડર્સ' નામની દુકાનમાં ગેરકાયદે સંગ્રહ થયો હોવાની બાતમી મળતા તાત્કાલિક દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન દુકાનમાંથી ગોગો સ્મોકિંગ કોનના 3 મોટા બોક્સ મળી આવ્યા હતા, જેમાં કુલ 30 નાના બોક્સમાં ભરેલો જથ્થો જપ્ત કરાયો છે. આ મુદ્દામાલની અંદાજિત કિંમત ₹22,500 આંકવામાં આવી છે. આ મામલે પોલીસે 30 વર્ષીય કૌશરઆલમ લેમુદ્દીન શેખની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ નવીન ભારતીય ન્યાય સંહિતા (BNS) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સરકારના આ કડક વલણથી નશાના સાધનોના વેપાર સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શહેરમાં અન્ય સ્થળોએ પણ આવા પ્રતિબંધિત સામાનનું વેચાણ અટકાવવા માટે સઘન પેટ્રોલિંગ ચાલુ રાખવામાં આવ્યું છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## મહુવા: 31 ડિસેમ્બર પહેલા LCBનો સપાટો, ₹63 લાખનો દારૂ જપ્ત




31 ડિસેમ્બરની ઉજવણી પૂર્વે ભાવનગર એલ.સી.બી.એ મહુવા ટાઉન વિસ્તારમાં દારૂના મોટા જથ્થા પર સપાટો બોલાવ્યો છે. નેસવડથી ભાણવડ જવાના રસ્તા પર કોઠાવાળી ખોડિયાર માતાના મંદિર પાસે બંધ બોડીના ટ્રકમાંથી દારૂનું કટિંગ કરવાની પેરવીમાં રહેલા બે શખ્સો સામે કાર્યવાહી કરાઈ છે. દરોડા દરમિયાન રોયલ સ્ટેગ, ઇમ્પિરિયલ બ્લુ, મેજિક મોમેન્ટ વોડકા અને બિયરના ટીન સહિત કુલ ₹63.70 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ મામલે ભરત કનક અને મુર્તુજા ચોકવાલા વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરાઈ છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**મહુવા પાસે LCBના દરોડામાં ₹63.70 લાખનો વિદેશી દારૂ અને ટ્રક ઝડપાયો. 31 ડિસેમ્બરની પાર્ટી પહેલા બુટલેગરોનું નેટવર્ક પકડાયું.**